# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. કેન્દ્રીય મંત્રી અમિત શાહે શિક્ષાપત્રીઓનો ઉપયોગ માત્ર ધર્મ કે ધ્યાન માટે નહીં જીવનને સુચારું બનાવવાનો શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો
2. ગુજરાત પોલીસે સાયબર ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની મધ્યપ્રદેશથી ધરપકડ કરી
3. ગુજરાત આતંકવાદી વિરોધી દળે નવસારીમાં જૈસ એ મોહંમદ અને અલ કાયદા સાથે સંકળાયેલા યુવાનની ધરપકડ કરી
4. સમગ્ર ભારતમાં આજે સરકારી બેંકોએ કરેલી હડતાળથી બેંકિંગ સેવા અસરગ્રસ્ત
5. આગામી દિવસોમાં ઠંડીથી આંશિક રાહત મળશે

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## AMIT SHAH - JAMIYATPURA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું છે કે, ભગવાન સ્વામિનારાયણ રચિત શિક્ષાપત્રી એ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે માનવ જીવન માટેનું 'નૈતિક સંવિધાન' છે. અમદાવાદના જમિયતપુરા ખાતે આજે શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષની ઉજવણીના પૂર્ણાહુતી અવસરે સંબોધન કરતાં, તેમણે શિક્ષાપત્રીઓનો ઉપયોગ માત્ર ધર્મ કે ધ્યાન માટે નહીં જીવનને સુચારું બનાવવા ઉપયોગ કરવાનો શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો હતો.

(BYTE- AMIT SHAH)

ભગવાન સ્વામિનારાયણના સામાજિક સુધારણાની કામગીરીને બિરદાવતા તેમણે ઉમેર્યું હતું કે, તેમણે અસ્પૃશ્યતા જેવી કુપ્રથા દૂર કરી સમાજને નવો પ્રકાશ આપ્યો છે.

શ્રી શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રામ મંદિરના નિર્માણ અને કાશી-સોમનાથ જેવા તીર્થોના જીર્ણોદ્ધાર દ્વારા સનાતન ધર્મના થઈ રહેલા પુનરુત્થાનનો પણ ઉલ્લેખ કર્યો હતો.

----------

## CYBER CRIME

ગુજરાત પોલીસે સાયબર ગુનામાં સંડોવાયેલા મધ્યપ્રદેશથી બે આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓ ટેલીગ્રામ અને વેબસાઇટ બનાવીને લોકોને ટાર્ગેટ કરતા હતા. આ આરોપીઓ લોકોને ધમકીભર્યા

ઇ-મેલ અને કોલ કરીને ડરાવતા હતા. છેલ્લા દોઢ વર્ષમાં આ આરોપીઓએ 25 હજાર ગુનાઓ આચર્યા હોવાનું જાણવા મળે છે.

સાયબર સેન્ટર ફોર એક્સેલન્સના પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું છે કે આ આરોપીઓ નવી મોડસ ઓપરેન્ડી અપનાવીને લોકોને છેતરતા હતા. જેને આંતરરાષ્ટ્રીય ભાષામાં CAAS કહેવામાં આવે છે.

(BYTE-RAJDEEPSINH ZALA, SP)

----------

# Navsari Terrorist - UPDATE

ગુજરાત આતંકવાદી વિરોધી દળે નવસારીના ચારપુલ વિસ્તારમાંથી જૈસ એ મોહંમદ અને અલ કાયદા સાથે સંકળાયેલા એક શંકાસ્પદ યુવાનની ધરપકડ કરી છે.

25મી જાન્યુઆરીએ આ વિસ્તારમાંથી ફૈઝાન શેખ નામના આરોપીની ધરપકડ કરી હતી. મૂળ ઉત્તરપ્રદેશના રામપુરનો વતની અને હાલમાં નવસારી રહેતો આ યુવાન પ્રતિબંધિત આતંકી સંગઠનો જૈશ એ મોહંમદ અને અલ કાયદાની કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત હોવાનું એટીએસની તપાસમાં જણાયું હતું.

આતંકવાદી વિરોધી દળના ડીઆઈજી સુનિલ જોશીએ કહ્યું છે કે દેશના કોઈપણ ભાગમાં આતંકવાદી પ્રવૃત્તિના કોઈપણ પ્રયાસને રોકવા માટે ગુજરાત એટીએસ સતત સતર્ક રહે છે.

(BYTE- SUNIL JOSHI, DIG, ATS)

. . . . . . . . . . . . . .

## BANK HADTAAL

સમગ્ર ભારતમાં આજે સરકારી બેંકોએ કરેલી હડતાળથી તમામ રાજ્યોના બેંકિંગ સેવા અસરગ્રસ્ત થઈ છે. પગાર સુધારા, કામકાજના કલાકો અને સપ્તાહમાં પાંચ દિવસ કામગીરી જેવી લાંબા સમયથી પૂરી ન થતી મહત્વની માગણીઓ સાથે બેંક કર્મચારીઓએ આજે રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું. જેને લઈને અમદાવાદ, સુરત ગાંધીનગર સહિત રાજ્યના અનેક શહેરોમાં બેંકના કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો. શનિવાર, રવિવાર અને 26 જાન્યુઆરીની રજા બાદ, બેંક કર્મચારીઓ આજે ફરીથી હડતાળ પર ઉતર્યા હતા. જોકે, ખાનગી બેંકોમાં નાણાકીય વ્યવહારો રાબેતા મુજબ ચાલુ રહ્યા.

----------

## WEATHER

હવામાન વિભાગ દ્વારા મળેલી માહિતી અનુસાર આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીથી આંશિક રાહત મળશે. સાયકલોનીક સકરયુલેશન સક્રિય થતાં રાજ્યમાં મહતમ તાપમાનમાં 1 થી 2 ડિગ્રીનો વધારો થશે. હવામાન વિભાગના વડા ડો.એ.કે.દાસે કહ્યું છે કે અમદાવાદ ગાંધીનગર સહિત લઘુતમ તાપમાન 15 થી 16 ડિગ્રી રહેવાની સંભાવના છે.

**(BYTE- DR. A.K.DAS, IMD)**

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

# NAMO LAXMI YOJNA

"નમો લક્ષ્મી યોજના" હેઠળ રાજ્ય સરકાર વર્ષ 2025-26માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતી અંદાજે 12 લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 1 હજાર 250 કરોડ રૂપિયાની સહાય આપવામાં આવશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસકાસ્ટ – રીટા દવે)

***<u>સૌ ભણે ગણે અને આગળ વધે તેવા ઉદ્દેશ્યથી નમો લક્ષ્મી યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઇ. દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી</u>***

*વિદ્યાર્થીનીઓને આ સહાય મળે છે. આ યોજના હેઠળ ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીનીઓને ચાર વર્ષે દરમિયાન કુલ 50 હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનામાં જેમના કુટુંબની આવક છ લાખ કે તેથી ઓછી હોય તેવી નવમાં ધોરણમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને નમો લક્ષ્મી યોજનાનો લાભ મળી શકે છે. ધોરણ 9 અને 10માં 20 હજાર અને ધોરણ 11 અને 12માં 30 હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.*

*રીટા દવે, આકાશવાણી સમાચાર, અમદાવાદ..*

. . . . . . . . . . . . .

# GUJARAT Tableau

77મા પ્રજાસત્તાક પર્વમાં નવી દિલ્હીના કર્તવ્યપથ પર ગુજરાતના ટેબ્લોએ મુખ્ય આકર્ષણ જમાવ્યું હતું. આ ટેબ્લોમાં 'વંદે માતરમ' ની 150મી વર્ષગાંઠના ઉપલક્ષમાં ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)

*આ ટેબ્લોના અગ્રભાગમાં વીરાંગના મેડમ ભિખાઈજી કામાને સ્વરચિત 'વંદે માતરમ' લિખિત ધ્વજ સાથે દર્શાવવામાં આવ્યા હતા. કામાની અર્ધ-પ્રતિમાની નીચે દેશના બંધારણમાં સ્વીકૃત વિવિધ ભારતીય ભાષામાં 'વંદે માતરમ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.*

*ટેબ્લોના હૃદયસમા પૃષ્ઠભાગમાં રાષ્ટ્રધ્વજની તવારિખને વર્ણવવામાં આવી હતી. 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીના પ્રયોગ મારફતે સ્વતંત્રતાની*

*હાકલ કરનારા મહાત્મા ગાંધીના શિલ્પને ટેબ્લોના અંતિમ ચરણમાં વિશાળ ધર્મચક્ર સાથે દર્શાવવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શાયરનું બિરુદ પામેલા ગુજરાતી કવિ ઝવેરચંદ મેઘાણી રચિત 'કસુંબીનો રંગ'ના તાલે જુસ્સો વધારતા કલાકારો ટેબ્લોને જોમવંતો બનાવી રહ્યા હતા.*

*આ વર્ષે પ્રથમ વખત 'સાયલન્ટ વોરિયર્સ' તરીકે જાણીતા પ્રાણીઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. આ વર્ષે પહેલી વખત ગુજરાતની સીઆરપીએફની પુરુષ ટીમનું નેતૃત્વ 26 વર્ષીય સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ કર્યું હતું.*

----------

## GSEB-HALL TICKET

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ 12ની વિજ્ઞાનપ્રવાહની પ્રાયોગિક પરીક્ષા આગામી 5 ફેબ્રુઆરીથી શરૂ થશે. જે અંગે પરિક્ષાર્થીઓ પોતાના પ્રવેશપત્ર આજથી બોર્ડની વેબસાઇટ sciprac.gsebht.in અથવા gseb.org પરથી શાળા દ્વારા લોગિંગ કરી ડાઉનલોડ કરી મેળવી શકશે.

----------

## LOAN MELO - SURAT

સુરત શહેર પોલીસ-ઝોન 7 દ્વારા અઠવાલાઇન્સ ખાતે નાગરિકોને વ્યાજના ચક્રમાંથી બચાવવાના ઉમદા હેતુ સાથે લોન મેળો યોજાયો.

ઇચ્છાપોર, ડુમસ, પાલ, હજીરા, ડ્રીમ સિટી તેમજ મરીન સહિતના ઝોન 7 હેઠળના પોલીસ સ્ટેશનો દ્વારા યોજાયેલા આ લોન મેળામાં જરૂરિયાતમંદ 17 લાભાર્થીઓને 13 લાખ રૂપિયાથી વધુના લોન મંજૂરી પત્ર એનાયત કરાયા. આ પ્રસંગે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે વ્યાજખોરો વિરુદ્ધ જે તે વિસ્તારના પોલીસ અધિકારીઓની મદદ લેવા અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ અભિયાન હેઠળ સુરત પોલીસ વિભાગ અને સુટેક્ષ બેંકનાં સહયોગથી આજ સુધી યોજાયેલા કુલ 6 મેળામાં 148 લાભાર્થીઓને 1 કરોડ 22 લાખ રૂપિયાથી વધુની આર્થિક સહાય આપવામાં આવી છે.

----------

## GUJARAT Tableau VOTING

77મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્યપથ પર ગુજરાત રાજ્યનો “વંદે માતરમ્ ના 150 વર્ષની ઉજવણીના ભાગરૂપે એક ટેબ્લો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ માટેની વોટિંગની સમયમર્યાદા વધારીને આજે રાત્રે 11.45 કલાક સુધી લંબાવવામાં આવી છે. વંદે માતરમ”ના કેન્દ્રવર્તી વિષયને અનુલક્ષીને રજૂ થયેલ ગુજરાતની ઝાંખીને વધુમાં વધુ વોટ કરી સતત ચોથા વર્ષે વિજેતા બનાવીએ. વોટીંગ કરવામાં માટે આ લિંકનો ઉપયોગ કરો.

https://www.mygov.in/node/365980/

----------